સમય આવ્યા વગર વજપાત થાય તો પણ મૃત્યુ નથી થતુ અને સમય આવી જતા પુષ્પ પણ પ્રાણ લઇ શકે છે
- અરબી કહેવત


આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૨૩૨ | ૫ નવેમ્બર, ૨૦૧૪, બુધવાર ; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લામાં ૫૦ નવા વર્ગખંડો બનશે

## ગતિશીલ ગુજરાત અંતર્ગત નવનિર્મિત વર્ગખંડોનું ૨૬મી જાન્યુઆરીએ લોકાર્પણ કરાશે : જ્ઞાન સપ્તાહ દરમ્યાન ૬૦ વર્ગખંડો ઉતારવાની વહીવટીય અને તકનીકી મંજુરી અપાઈ છે જે ટુંકમાં જ આરંભાશે : નવા વર્ગખંડો બાદ ૧૦૦ વર્ગખંડની ઘટ રહેશે

ગાંધીનગર, તા. ૪

ગતિશીલ ગુજરાત અન્વયે ગાંધીનગર જિલ્લામાં ૫૦ નવા વર્ગખંડનું નિર્માણ ૨૬ જાન્યુઆરી પૂર્વે કરી અને તેનુ લોકાર્પણ કરવામાં આવશે.

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે વહીવટીતંત્રને વધુ ગતિશીલ અને પ્રજાભિમુખ બનાવવા માટે ગતિશીલ ગુજરાતનો નવતર અભિગમ અપનાવી લક્ષ્યાંક આધારિત વહીવટીય પ્રથા અમલી બનાવી છે.

ગતિશીલ ગુજરાત-૧૦૦ દિવસના લક્ષ્યાંક સિદ્ધિની સમીક્ષા દરમ્યાન તેમણે આ કાર્યક્રમ લંબાવવાની સાથે દરેક વિભાગને નવા લક્ષ્યાંકો આપ્યા હતા જે અત્રે ઉલ્લેખનીય છે. આ કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં ૫૦ જેટલા નવા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવનાર છે.

રૂ. ૩ કરોડથી વધુ ખર્ચે આ નવા વર્ગખંડોનું નિર્માણ કરવામાં આવશે તેમ શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ નવા વર્ગખંડોના નિર્માણ પછી જિલ્લામાં ૧૦૦ જેટલા વર્ગખંડોની ઘટ રહેશે.

શિક્ષણ સમિતિના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ રહેતી ઘટ પણ માર્ચ સુધીમાં પૂર્ણ કરવા માટેનું આયોજન છે. આ માટે નાણાં એ કોઈ મુદ્દો નહિ હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે આખુ નવતર અભિયાન છેડવામાં આવ્યું છે. જેમાં ૨૦૧૬ના માર્ચ સુધીમાં વર્ગખંડોની કોઈ ઘટ ન રહે તે રીતે આગળ વધવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

૫૦ જેટલા નવા વર્ગખંડોના નિર્માણની કામગીરી પૂરજોશમાં ચાલુ રહી હોવાનું પણ સમિતિના સૂત્રોએ જણાવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની ઘણી શાળાઓ ૧૦૦ વર્ષ કરતાં પણ જુની છે અને તેની પણ શાનદાર ઉજવણી કરવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં જ્ઞાન સપ્તાહની ઉજવણી દરમ્યાન ૬૦ જેટલા વર્ગખંડો જે જુના અને જર્જરિત થયા છે તેને ઉતારી લેવાની મંજૂરી અપાઈ ચુકી છે. આ કામગીરી પણ ટુંક જ સમયમાં શરૂ કરવામાં આવનાર હોવાનું શિક્ષણ સમિતિના અંતરંગ સૂત્રોએ જણાવ્યું છે.





(તસવીર : દિપક જાની)

તાજીયા જુલુસ - ગાંધીનગરના મુખ્ય માર્ગો પર યા હુસેનના નારા સાથે નિકળેલ તાજીયા જુલુસે પરંપરાગત માહોલ સર્જ્યો હતો. ન્યાય ખાતર શહીદી વહોરનાર ઈમામ હુસેનની સ્મૃતિમાં નિકળેલ તાજીયા જુલુસ, સેક્ટર-૨૮, ૨૯ અને સેક્ટર-૨૪માંથી તાજીયા નિકળ્યા હતા. મોટી સંખ્યામાં મુસ્લિમ પરિવારો જોડાયા હતા.

# આજે પંચાયતમાં ભાજપ કૃષિ સમિતિમાં કેસરીયો લહેરાવી દિપાવલી ઉજવશે

## કૃષિ-ઉત્પાદન સહકાર સમિતિમાં પ્રથમ મહિલા ચેરમેન બનશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લા પંચાયતની કૃષિ ઉત્પાદન અને સહકાર સમિતિની આજે મળનારી બેઠકમાં ભાજપ તેના પર વિધિવત કબ્જો જમાવશે.

આજે મળનારી આ બેઠકમાં આ મહત્વની સમિતિ પર ભાજપમાં જોડાયેલ પૂર્વ ઉપપ્રમુખ શ્રીમતી ભીખીબેન ઠાકોરને ચેરમેન બનાવવામાં આવશે તેમ ભાજપના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

દિપાવલી પૂર્વે આ સમિતિમાં કોંગ્રેસે તેની સત્તા ગુમાવી હતી. સમિતિના ચેરમેન સામે બહુમતિથી અવિશ્વાસનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. હવે સમિતિની આજે મળનારી બેઠકમાં નવા ચેરમેનની વિધિવત નિયુકતી કરવામાં આવશે.

રાજયના મુખયમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે કૃષિ સાથે સંકળાયેલ મહિલાઓના સંમેલનમાં કૃષિ વિકાસ વર્ષની ઉજવણી કરવાની ઘોષણા કરી હતી ત્યારે જિલ્લામાં શ્રીમતિ ભીખીબેન ઠાકોર પ્રથમ કૃષિ ઉત્પાદન અને સહકાર સમિતિના ચેરમેન બનશે. જે કૃષિ સાથે પણ સંકળાયેલા છે તેમ ભાજપના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયત કોંગ્રેસમાં થયેલા બળવા પછી કોંગ્રેસે શિક્ષણ અને કારોબારી સમિતિ સિવાયની સમિતિઓ પૈકી કૃષિ અને ઉત્પાદન સહકાર સમિતિ ગુમાવી હતી આ પછી મહિલા અને બાળ વિકાસ સમિતિ ગુમાવી હતી જે ઉલ્લેખનીય છે.

# પોલીસતંત્રમાં વિધાનસભા સત્ર બાદ બઢતી-બદલીનો દોર

ગાંધીનગર, તા. ૪

રાજ્યના પોલીસતંત્રમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીનો દોર વિધાનસભા સત્ર બાદ હાથ ધરવામાં આવશે અને પોલીસ તંત્રમાં ધરખમ ફેરફારો કરાશે.

ગૃહ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પોલીસતંત્રમાં ડી.આઈ.જી., આઈ.જી. સંવર્ગની કેટલીક જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી પડી છે. આ ઉપરાંત કેટલીક જગ્યાઓ માત્ર ચાર્જ પર જ ચાલે છે જેના કારણે અધિકારીઓ પર કામનું ભારણ વધવા સાથે વહીવટી કામગીરીમાં પણ મુશ્કેલીઓ ઉભી થાય છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ ખાલી જગ્યાઓ બઢતીથી ભરવા માટે ડી.આઈ.જી.માંથી આઈ.જી. સંવર્ગમાં બઢતી આપવા અને ડી.એસ.પી.માંથી ડી.આઈ.જી.માં બઢતી આપવા માટે ડિપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટીની (ડીપીસી) તાજેતરમાં બેઠક મળી હતી જેમાં બઢતી આપવા માટેની તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરીને સરકારની મંજુરી અર્થે દરખાસ્ત રજુ કરી દેવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એસ.કે. નંદાની બદલી થતાં આ જગ્યા ખાલી પડી છે. આ જગ્યાનો ચાર્જ એસીએસ અલોરીયાને આપવામાં આવ્યા છે. તેમજ મુખ્યમંત્રીના અગ્રસચિવ જી.સી. મુર્મુ પણ વિદેશ પ્રવાસે ગયેલા હોઈ ઉચ્ચ પોલીસ અધિકારીઓની બઢતી અને બદલીની પ્રક્રિયા વિલંબમાં પડવા પામી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રી કાર્યાલયમાં ગૃહ વિભાગનો વિષય અગ્ર સચિવ જી.સી. મુર્મુ સંભાળે છે આથી તેઓ વિદેશ પ્રવાસેથી પરત આવ્યા બાદ પોલીસતંત્રમાં બઢતી અને બદલીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે અને આગામી વિધાનસભા સત્ર બાદ પોલીસતંત્રમાં બદલીનો દોર શરૂ કરીને ધરખમ ફેરફારો કરવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. કેટલાક જિલ્લા પોલીસ અધિક્ષકોની બદલીના પણ ભણકારા વાગી રહ્યા છે.


## ખોવાયેલ છે

ચ-૫ થી ઘ-૫ સર્કલના રસ્તા વચ્ચે મરૂન કલરનો પોર્ટફોલીયો પડી ગયેલ છે. જેમાં કોર્ટને લગતા અગત્યના દસ્તાવેજો હોય ગાંધીનગર અથવા રાજકોટના સરનામે કુરીયર કરશો તો અમો આપના આભારી થઈશું.

ફોન : ૭૮૦૨૦ ૧૩૩૧૪


## NEWS બિટસ

### કેન્દ્રિય કર્મચારીઓને ૧લી જાન્યુઆરીથી ૬ ટકા ડીએ મળે તેવી શકયતા

અખિલ ભારતીય ઔદ્યોગિક કામદારો માટેના ગ્રાહક ભાવાંક જે જાહેર થયા છે તેનાથી એવા સંકેતો મળે છે કે ૧લી



જાન્યુઆરી ૨૦૧૫થી કેન્દ્રિય કર્મચારીઓ અને પેન્શનરોને મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો મળશે. હવે પછીનું મોંઘવારી ભથ્થુ ગણવા માટે જો કે હજુ ૩ મહિનાના આંકડાઓ આપવાના બાકી છે. આવતા ત્રણ મહિનામાં જો આંકડાઓ બહુ મોટી ચડ-ઉતર થાય તો આ મોંઘવારી ભથ્થું ૫ ટકા અથવા ૭ ટકા રહે તેવી શકયતાઓ છે.

### ભારતમાં વોટસએપના વપરાશકારોની સંખ્યા ૭ કરોડ

ભારતમાં દિન પ્રતિદિન મોબાઈલ મેસેજીંગ એપ્લિકેશન વોટસએપના વપરાશકારોમાં




સતત વધારો થઈ રહ્યો છે. ભારતમાં વોટસએપના વપરાશકારોની સંખ્યા ૭ કરોડને પાર કરી ગઈ છે. સમગ્ર વિશ્વમાં વોટસએપના વપરાશકારો ૬૦૦ મિલિયન જેટલા છે. ભારતમાં સ્માર્ટ ફોનની સંખ્યાની સાથે સાથે વોટસએપનો વપરાશ દિન પ્રતિદિન વધી રહ્યો છે.

### સમગ્ર ગુજરાતમાં દર મહિને ૧૦૦૦ કરોડનું ડબ્બા ટ્રેડિંગ થાય છે

સટ્ટાબાજીને પણ ઝાંખી પાડી દે તેવો કારોબાર ડબ્બા ટ્રેડિંગનો છે. આશ્ચર્યજનક રીતે



સમગ્ર શહેરમાં અનેક ઠેકાણે ડબ્બા ટ્રેડિંગના કેન્દ્રો ધમધમી રહ્યા હોવા છતાં તેના આરોપીઓ જવલ્લે જ પકડાય છે. અમદાવાદ સહિત ગુજરાતમાં દર મહિને એક હજાર કરોડથી વધુ રૂપિયાનો ધંધો ડબ્બા ટ્રેડિંગનો છે. અમદાવાદ શહેર ઉપરાંત ઉત્તર ગુજરાતના ઘણા વિસ્તારોમાં ડબ્બા ટ્રેડિંગનો વ્યવસાય જોરદાર રીતે ચાલી રહ્યો છે.


### ઐશ્વર્યા રાય બચ્ચન ટૂંક સમયમાં ફિલ્મોમાં દેખાશે

લગ્ન અને માતૃત્વજીવનનો ભરપૂર આનંદ ભોગવ્યા બાદ બચ્ચન બહુ ઐશ્વર્યા રાય હવે ટૂંક



સમયમાં હિન્દી ફિલ્મોમાં પુનઃ પદાર્પણ કરે તેવી શકયતા છે. લગ્ન બાદ ઘણી જાહેર ખબરોમાં ચમકનાર ઐશ્વર્યા રાય બચ્ચન હવે ફિલ્મોમાં અભિનય કરવા સુસજ્જ બની છે. તેણે 'જઝબા' નામની ફિલ્મ સાઈન કરી હોવાનું સંભળાઈ રહ્યું છે.


ૐ ભૂર્ભવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ।



ચાલો



રાંધેજા



## શ્રીમદ્ પ્રજ્ઞાપુરાણ કથા

જગત જનની ગાયત્રીની અનહદ કૃપાથી મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણના પ્રણેતા પરમ પૂજ્ય ગુરૂદેવશ્રી રામશર્મા આચાર્યજીના સ્વપ્નને સાકાર કરવા માટે,
શાંતિકુંજ હરિદ્વાર તેમજ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ માણસા તેમજ રાંધેજા દ્વારા આયોજીત પ્રજ્ઞાપુરાણ કથાનું આયોજન કરેલ છે. જેમાં આજની પરિસ્થિતિને અનુરૂપ સમસ્યાનું સમાધાન તેમજ માનવને સાચો માનવ બનવાની કથા એટલે પ્રજ્ઞાપુરાણ કથા. તમામ ધર્મપ્રેમી ભાઈઓ-બહેનોને પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

કથાનું રસપાન : શ્રીમતી ડો. મમતાબેન પંડિત (ચાણસ્માવાળા)

પોથીયાત્રા : પટેલ રસીકલાલ મણીલાલના ઘરેથી નીકળી ગામ પ્રદક્ષિણા કરી કથાના સ્થળે પહોંચશે

: કથાનું સ્થળ :
અંબાજી માતાના મંદિર સામે, પ્લોટમાં, રાંધેજા

: કથાની તારીખ - સમય :
તા. ૭/૧૧/૨૦૧૪થી ૧૦/૧૧/૨૦૧૪ સુધી
રાત્રે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી

સૌજન્ય : પટેલ સવિતાબેન રસીકલાલ (U.S.A.) મો. ૯૮૨૫૧ ૬૭૮૦૫

આયોજક : ગાંધીનગર જીલ્લા ગાયત્રી પરિવાર તેમજ સમસ્ત ગામ - રાંધેજા



PMJDY Financial Literacy Series No. 06

## રૂપે ડેબિટ કાર્ડની સુવિધા

તમારા બેન્ક ખાતામાં બચત કરો અને
ક્યાંય પણ કોઈ પણ એટીએમમાંથી નાણાં કઢાવો




સાથે ₹ 1 લાખનો દુર્ઘટના વીમો* મફત

*હવાઈ, રેલ, માર્ગ દુર્ઘટના વગેરેમાં મૃત્યુ અથવા પૂર્ણ સ્થાયી વિકલાંગતા

### એટીએમમાંથી નાણાં કઢાવવાની પ્રક્રિયા




કાર્ડની બીજી બાજુ કાળી પટ્ટી હોય ત્યાંથી પકડો અને મશીનમાં નાખો

ચાર અંકોનો પિન નંબર એન્ટર કરો અને વિથડ્રોઅલ બટન દબાવો

નિર્ધારિત રકમ એન્ટર કરો અને નાણાં કઢાવો

તમારું રૂપે ડેબિટ કાર્ડ લેવાનું ભૂલતા નહીં અને પોતાનો એટીએમ પિન નંબર કોઈને બતાવતા નહીં

પ્રધાનમંત્રી જન-ધન યોજના
મેરા ખાતા ભાગ્ય વિધાતા

### વિશેષ સુવિધાઓ :

- તમારા નાણાંની સુરક્ષા સાથે દરરોજ બચત પર વ્યાજ મેળવો અને પોતાની બચતમાં વધારો કરો.
- ખાતામાં લઘુતમ બાકી રકમની જરૂર નહીં પણ બચતની રકમથી રૂપે ડેબિટ કાર્ડના લાભ પણ મળે છે.

**ઉપરાંત અન્ય સુવિધાઓ :** • જો તમે લાભાર્થી હો તો સરકારી યોજનાઓની રકમ ખાતામાં સીધી જ મળશે
• 6 મહિના સુધી ખાતું સંતોષજનક રીતે ચલાવ્યા પછી ₹ 5000 સુધીનો ઓવરડ્રાફ્ટ પ્રતિ પરિવાર • પેન્શન, વીમા વગેરેનો લાભ

જો તમારું પહેલેથી જ બેન્ક ખાતું હોય તો તમારો આધાર નંબર પોતાના બેન્ક ખાતામાં રજિસ્ટર કરો,
જેથી તમને સરકારી યોજનાઓની રકમ સીધી જ ખાતામાં મળે અને ઉપરાંત પેન્શન, વીમા વગેરેનો પણ લાભ મળે.

વહેલામાં વહેલી તકે પોતાની નજીકની બેન્ક શાખા અથવા બેન્ક મિત્રનો સંપર્ક કરો.

નાણાકીય સેવા વિભાગ
નાણા મંત્રાલય
ભારત સરકાર
www.pmjdy.gov.in

Indian Banks' Association
(પોતાની સર્વ સભ્ય બેન્કો, નાબાર્ડ અને વીમા કંપનીઓ તરફથી)
www.iba.org.in

બેન્કમાં ખાતું ખોલાવવા માટે વધુમાં વધુ લોકોને પ્રેરિત, પ્રોત્સાહિત અને શિક્ષિત કરો. આવું કરીને તમે એક સારું સામાજિક કાર્ય કરવામાં યોગદાન આપશો.

વધુ માહિતી માટે કૃપયા રાષ્ટ્રીય ટોલ ફ્રી નં. 1800 110 001 અને 1800 180 1111 અથવા રાજ્યના ટોલ ફ્રી નં. 1800 233 1000 પર સંપર્ક કરો.